RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 308, Dt.17-02-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# તારીખ પે તારીખ...દેશની કોર્ટોમાં ૪.૪૭ કરોડ કેસો પેન્ડિંગ

## સૌથી વધુ અલ્હાબાદ હાઈકોર્ટમાં ૧૦.૭૪ લાખ કેસ પેન્ડીંગઃ નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડના લેટેસ્ટ ડેટામાં આ માહિતી આપવામાં આવી છેઃ પેન્ડીંગ કેસોનું એક કારણ ન્યાયધિશની અપુરતી સંખ્યા હોય શકે છેઃ મે-૨૦૨૨ સુધીમાં ૨૫,૬૦૦ જજોને ચાર કરોડથી વધુ પડતર કેસોની સુનવણી તથા નિર્ણય લેવાનું કામ સોંપવામાં આવ્યું હતું




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશની અદાલતોમાં ૪.૪૭ કરોડ કેસ પેન્ડિંગ છે. ૨૫ હાઈકોર્ટમાં અલ્હાબાદ હાઈકોર્ટ ૧૦.૭૪ લાખ કેસ સાથે સૌથી આગળ છે. આ પછી બોમ્બે હાઈકોર્ટમાં ૭.૧૩ લાખ કેસ પેન્ડિંગ છે અને રાજસ્થાન હાઈકોર્ટમાં ૬.૬૭ લાખ કેસ પેન્ડિંગ છે.

નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડના લેટેસ્ટ ડેટામાં આ માહિતી આપવામાં આવી છે.૨૦૧૮ થી પેન્ડિંગ કેસોની સંખ્યામાં વધારો થયો છે. ઉદાહરણ તરીકે, અલ્હાબાદ હાઈકોર્ટમાં પેન્ડિંગ કેસોમાં ૫૦.૯૫ ટકાનો વધારો થયો છે.


એ જ રીતે બોમ્બે હાઈકોર્ટમાં પેન્ડિંગ કેસોમાં ૫૩.૮૫ ટકાનો વધારો થયો છે. તમામ હાઈકોર્ટમાં કુલ ૬૨ લાખ કેસ પેન્ડિંગ છે, જેમાંથી ૭૧.૬ ટકા સિવિલ કેસો અને ૨૮.૪ ટકા ફોજદારી કેસ છે. ૨૦૧૮ થી આ અદાલતોમાં પડતર કેસોની સંખ્યામાં વધારો થયો છે.

૨૪.૮૩ ટકા કેસ ૫-૧૦ વર્ષ જૂના છે, ૨૪.૮૩ ટકા કેસ ૫-૧૦ વર્ષ અને ૧૮.૨૫ ટકા કેસ ૧૦-૨૦ વર્ષ માટે પેન્ડિંગ છે. પેન્ડિંગ કેસોનું એક કારણ જજોની અપૂરતી સંખ્યા હોઈ શકે છે. મે ૨૦૨૨ સુધીમાં, લગભગ ૨૫,૬૦૦ ન્યાયાધીશોને ૪ કરોડથી વધુ પડતર કેસોની સુનાવણી અથવા નિર્ણય લેવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

**આ પહેલાં પણ સુપ્રીમ કોર્ટ દ્વારા દેશની અન્ય કોર્ટને પડતર કેસોનો તાત્કાલિક નિકાલ કરવા જણાવાયુ હતુ**

# બોલીવુડનાં ખ્યાતનામ દિગ્દર્શકને ૭ વર્ષે સજા ફટકારતી જામનગરની અદાલત

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરનાં ઉદ્યોગકાર અશોકભાઇ લાલ પાસેથી ૧ કરોડ ઉછીના લઇ રકમ પરત ન કરવાનું પ્રકરણ બોલીવુડનાં ખ્યાતનામ દિગ્દર્શક રાજકુમાર સંતોષી મા ' ઘાતક ' સાબિત થયું રાજકુમાર સંતોષીને બે વર્ષની કેદ તથા દંડરૂપે બમણી રકમ ફરીયાદીને ચૂકવવા આદેશ કરતા જામનગરનાં સિનિયર સિવિલ જજ વી.જે.ગઢવી આ કેસમાં ફરીયાદી તરફે ભોજાણી એસોસીએટ્સના યુવાન ધારાશાસ્ત્રી પિયુષ વિ . ભોજાણી , ભાવિન વિ . ભોજાણી , ભાવીન જે . રાજદેવ , કિશોર ડી ભટ્ટ , પ્રકાશ બી . કંટારીયા અને સચિન યુ . જોશી . અર્શ વાય . કાસમાણી અને અલ્કા પી . નથવાણી રોકાયેલા હતા .

# આજથી દિલ્હીમાં ભાજપની બે દિવસીય રાષ્ટ્રીય કાર્યકારીણીની બેઠકઃ વડાપ્રધાન આપશે વિજયનો મંત્ર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બીજેપીનું બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશન આજે ૧૭ ફેબ્રુઆરી એટલે કે શનિવારથી દિલ્હીના ભારત મંડપમમાં શરૂ થશે. જેમાં દેશભરમાંથી પાર્ટીના ૧૧ હજાર ૫૦૦થી વધુ નેતાઓ એકઠા થશે. રાષ્ટ્રીય કાર્યકારિણી અને રાષ્ટ્રીય પરિષદની આ બેઠકમાં લોકસભા ચૂંટણીમાં જીત માટે રોડમેપ તૈયાર કરવામાં આવશે. સાથે જ, છેલ્લા ૧૦ વર્ષના શાસન દરમિયાન પાર્ટી દ્વારા લેવામાં આવેલા મોટા અને નિર્ણાયક નિર્ણયો માટે વડા પ્રધાન મોદીનો આભાર માનવામાં આવશે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે કહ્યું કે લોકસભા ચૂંટણીમાં NDAના ૪૦૦ બેઠકો જીતવાના લક્ષ્યાંક માટે દેશભરમાંથી પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. ૧૭



ફેબ્રુઆરીએ પહેલા ભાગમાં અધિકારીઓની બેઠક થશે, જેમાં વડાપ્રધાન મોદી પણ હાજર રહી શકે છે.

રવિશંકર પ્રસાદે કહ્યું, 'રાષ્ટ્રીય અધિવેશનની બેઠક બપોરે ૩ વાગ્યે શરૂ થશે. પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડા ઉદઘાટન અને પીએમ મોદી સમાપન ભાષણ આપશે. બેઠકમાં બે દરખાસ્તો લાવવામાં આવશે. વિસ્તરણકારોની અલગ બેઠક યોજાશે. '૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત'ની બ્લૂ પ્રિન્ટને લઈને એક પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવશે. કોન્ફરન્સ દરમિયાન એક વ્યાપક સંગઠનાત્મક એજન્ડા રજૂ કરવામાં આવશે. દરેક લોકસભા ચૂંટણી પહેલા ભાજપ એક મોટું રાષ્ટ્રીય સંમેલન કરે છે. ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી પહેલા પણ ભાજપે રામલીલા મેદાનમાં સભા યોજી હતી, જ્યાં નરેન્દ્ર મોદીએ એવું ઐતિહાસિક ભાષણ આપ્યું હતું કે ૩૦ વર્ષ પછી પહેલીવાર ભારતમાં કાયમી સરકાર બની છે. તેવી જ રીતે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા, પાર્ટીએ ફરીથી રામલીલા મેદાનમાં રાષ્ટ્રીય સંમેલન કર્યું હતું અને મોટી જીત સાથે, કેન્દ્રમાં ફરીથી ભાજપની સરકાર બનાવવામાં આવી હતી.

# ગ્રાહકના હીતને ધ્યાનમાં રાખી આરબીઆઈએ પેટીએમ બેન્કને વધુ ૧૫ દિવસની મુદત આપી

## ગ્રાહક ૧૫ માર્ચ સુધીમાં પેટીએમથી પેમેન્ટ કરી શકશેઃ ૧૫ માર્ચ બાદ પૈસા ઉપાડ્વા માટે ડેબીટ કાર્ડનો ઉપયોગ કરવો પડશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઈ)એ પેટીએમ પેમેન્ટસ બેન્કને સેવાઓ ચાલુ રાખવા માટે ૧૫ દિવસનો વધારાનો સમય આપ્યો છે. જે અંતર્ગત કોઈપણ ગ્રાહક ખાતા પ્રીપેડ ઉત્પાદન, વોલેટ અને ફાસ્ટેગમાં જમા કે ટોપ-અપ સ્વીકાર ન કરવાના આદેશની અંતિમ તારીખ ૧૫ માર્ચ સુધી વધારી દેવામાં આવી છે.

આરબીઆઈએ જણાવ્યું છે કે વેપારીઓ અને ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને તેણે આ પગલું લીધું છે.રિઝર્વ બેન્કે ૩૧ જાન્યુઆરીએ પેટીએમ પેમેન્ટસ બેન્કને ગ્રાહકના ખાતા, પ્રીપેડ




ઉત્પાદન વોલેટ, ફાસ્ટેગમાં ૨૯ ફેબ્રુઆરી બાદ જમા ટોપ-અપ સ્વીકાર નહી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

આ ફેસલો ગ્રાહક હિતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હતો જેને વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે થોડા વધુ સમયની જરૂરિયાત રહી શકે છે. એ પણ નિર્દેશ આપવામાં આવ્યો છે કે 'સ્વીન ઈન સ્વીપ આઉટ' સુવિધા અંતર્ગત ભાગીદાર બેન્કો પાસે ગ્રાહકોની જમા રકમનો વિના વિધ્ને નિકાલની સુવિધા આપશે.

આરબીઆઈએ પોતાના વાયદા મુજબ પેટીએમ પેમેન્ટ બેન્ક સાથે જોડાયેલ ૩૦ સવાલોના જવાબ પણ શુક્રવારે જાહેર કર્યા હતા. શું ૧૫ માર્ચ બાદ પણ પેટીએમ, બેન્ક ખાતા કે વોલેટથી પૈસા કાઢી કે જમા કરી શકાય છે. જેના જવાબમાં આરબીઆઈએ જણાવ્યું હતું કે ખાતા કે વોલેટમાં બાકી રકમ કાઢી શકાય છે. તે કાઢવા માટે ક્રેડીટકાર્ડનો ઉપયોગ ચાલુ રહેશે. રકમ જમા નહીં થાય.

૧૫ માર્ચ બાદ યુપીઆઈ/ આઈએમપીએએસથી પેટીએમ ખાતામાં પૈસા મોકલી શકાય તેવા એક પ્રશ્નના ઉતરમાં આરબીઆઈએ જણાવ્યું હતું કે ના. આમ નહીં કરી શકાય, પણ ઉપલબ્ધ બાકી રકમને તેનાથી કાઢી શકાય છે શું વોલેટ બંધ કરી શકાય તેવા પ્રશ્નના જવાબમાં આરબીઆઈએ જણાવ્યું હતું કે હા, તેને બંધ કરી શકાય છે.

પુર્વ કેવાયસી વોલેટના મામલામાં શેષ રકમને કોઈ અન્ય બેન્કના ખાતામાં મોકલી શકાય છે. આરબીઆઈએ જણાવ્યું હતું કે પેટીએમ બેન્ક દ્વારા જાહેર ફાસ્ટેગ કે કોમન મોબીલીટી કાર્ડનાં ઉપયોગ ચાલુ રહેશે તેવા એક સવાલના જવાબમાં જણાવાયું હતું કે ૧૫ માર્ચ બાદ ટોપ અપ કે રિચાર્જની અનુમતી નહીં મળે.

# પેટીએમ બાદ અન્ય ફિનટેક કંપનીઓ સામે તોળાતા પગલા

## કેવાયસી પ્રક્રિયામાં ક્ષતિઓ બહાર આવતા પેમેન્ટસ એગ્રીગેટર્સ આરબીઆઈની નજર હેઠળઃ ભૂતિયા ખાતાની પણ તપાસ શરૂ થઇ હોવાના અહેવાલ

**મુખ્ય સમાચાર, મુંબઈ**

નો યોર કસ્ટમર (કેવાયસી) પ્રક્રિયામાં ક્ષતિઓ બદલ હજુ વધુ ફિનટેક કંપનીઓ સામે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) તરફથી નિયમનકારી પગલાં તોળાઈ રહ્યા છે. જે ફિનટેક કંપનીઓની રિઝર્વ બેન્કે યાદી તૈયાર કરી છે તેમાં જાણીતા પેમેન્ટસ એગ્રીગેટર અને વોલેટ સર્વિસ પ્રોવાઈડરનો પણ સમાવેશ થાય છે એમ આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું.

કેટલીક ફિનટેક કંપનીઓ જે અનસિક્યોર્ડ લોન બજારમાં કામકાજ કરે છે અને ગ્રાહકો તથા ધિરાણદારો વચ્ચે ઈન્ટરમીડિયેટસની એટલે કે એગ્રીગેટરની ભૂમિકા ભજવે છે તેઓ રિઝર્વ બેન્કની



નજર હેઠળ છે.

મની લોન્ડરિંગ તથા ત્રાસવાદ માટે થતી ફાઈનાન્સિંગ પ્રવૃત્તિને પહોંચી વળવા ભારતની નાણાં સંસ્થાઓની એકંદર તૈયારીના ચાલી રહેલા ફાઈનાન્સિઅલ એક્શન ટાસ્ક ફોર્સ ઓડિટ દરમિયાન જ આ નિયમનકારી પગલાં શરૂ થયા છે.

કેવાયસી પ્રક્રિયાઓમાં ક્ષતિઓ જણાતા ૩૧મી જાન્યુઆરીના રિઝર્વ બેન્કે પેટીએમ પેમેન્ટસ બેન્ક સામે પગલાં લીધા હતા. વધુ ચાર જેટલી પેમેન્ટ કંપનીઓ છે જેમાં આવાજ પ્રકારની ક્ષતિઓ જણાઈ રહી છે અને જે આરબીઆઈની નજર હેઠળ છે, એમ પણ સુત્રોએ જણાવ્યું હતું.

દેશની બેન્કોની સરખામણીએ ફિનટેક કંપનીઓમાં કેવાયસી પદ્ધતિ એટલી મજબૂત નહીં હોવાનો દેશના વિવિધ નિયમનકારો મત ધરાવી રહ્યા છે.

વૈશ્વિક એફએટીએફ ધોરણો પ્રમાણે જ ગ્રાહકોના ફન્ડોની ચકાસણી માટે મજબૂત પદ્ધતિ લાગુ કરવા પણ નિયમનકારો વિચારી રહ્યા છે.

કેવાયસી મુદ્દાઓ પર ચર્ચા કરવા અને ઓનલાઈન પેમેન્ટસમાં ગેરરીતિ અટકાવવા માટે નાણાં મંત્રાલયે ઉદ્યોગના વર્તુળો સાથે કેટલીક વખત ચર્ચા પણ કરી છે. કેવાયસી ક્ષતિઓ ઉપરાંત ભૂતિયા ખાતાની પણ તપાસ ચાલી રહી હોવાનું સુત્રોએ ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, વૈશ્વિક બ્રોકિંગ જાયન્ટ મેકવાયરે પેટીએમ-વન૯૭ કોમ્યુનિકેશન્સના શેર માટે આવક અંદાજો ઘટાડીને મૂક્યા સાથે શેરનો ભાવ લક્ષ્યાંક ઘટાડીને રૂ.૨૭૫ મૂકતાં શેરોમાં નવેસરથી ગાબડાં પડવાનું ચાલુ થયું હતું. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પેટીએમ પેમેન્ટ્સ બેંકને ૨૯, ફેબ્રુઆરી ૨૦૨૪ બાદ પ્રમુખ સર્વિસિઝ ઓફર કરવાનું બંધ કરવા આદેશ આપતાં શેરોમાં પેનિક સેલિંગ થઈ રહ્યું છે. આ દરમિયાન પેટીએમ પેમેન્ટ્સ બેંક વિરૂધ્ધ ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ એક્ટ(ફેમા) હેઠળ પણ તપાસ શરૂ થયાના અહેવાલ વહેતાં થયા છે.

# ખેડૂત આંદોલનઃ કેન્દ્રીય મંત્રીઓ સાથે પાંચ કલાક ચાલેલી બેઠક નિષ્ફળ, રવિવારે ફરી યોજાશે

## ખેડૂત સંગઠનના પ્રતિનિધિઓ સાથે રવિવારે ફરી બેઠક યોજાશે : અનુરાગ ઠાકુર હરિયાણા-પંજાબની શંભુ બોર્ડર પર પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ યથાવત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લઘુત્તમ ટેકાના ભાવ માટે કાયદો બનાવવાની અને ખેડૂતો અને મજૂરો માટે સંપૂર્ણ લોન માફી યોજના લાગુ કરવાની માંગને લઈ હરિયાણા-પંજાબની શંભુ બોર્ડર પર હજુ પણ પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે, તો બીજી તરફ ખેડૂત સંગઠન અને કેન્દ્ર સરકારના મંત્રીઓ વચ્ચે બેઠકોનો દોર ચાલી રહ્યો છે, ત્યારે આજે ફરી ખેડૂત અને કેન્દ્રીય મંત્રીઓ વચ્ચે યોજાયેલી બેઠક નિષ્ફળ ગઈ છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે હવે રવિવારે બેઠક યોજવાનો નિર્ણય કર્યો છે.

ખેડૂતો સાથેની બેઠક અંગે કેન્દ્રીય





મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે, નખેડૂતો સાથે ચર્ચા કરવા માટે આગામી દિવસ રવિવાર નક્કી કરાયો છે. હું આશા રાખું છું કે આગામી ચર્ચા હકારાત્મક વાતાવરણમાં થશે અને અમે ખેડૂતોના પ્રશ્નના ઉકેલ તરફ આગળ વધીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતો માટે ઘણાં પગલાં લીધાં છે.

પંજાબના હજારો ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરવાની જીદ સાથે શંભુ બોર્ડર પર એકઠા થયા છે. બીજી તરફ હરિયાણામાં તેમને રોકવાના પ્રયાસો થઈ રહ્યા છે. આજે પણ શંભુ બોર્ડર પર ટીયર ગેસના શેલ છોડવામાં આવ્યા હતા, જેના કારણે ઘણા ખેડૂતો ઈજાગ્રસ્ત થયા છે. ખેડૂત સંગઠનો દ્વારા ઈજાગ્રસ્ત ખેડૂતોને પ્રાથમિક સારવાર માટે વિવિધ સ્થળોએ મેડિકલ સુવિધા પણ ઉભી કરાઈ છે. હરિયાણાના કુરુક્ષેત્ર હાઈવે પર પણ ખેડૂતોનું વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે.

# રાજકોટ શહેરમાં પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરીક બદલીનો ઘાણવો કાઢતા સી.પી.

## પ્ર.નગર પો.સ્ટે.ના પી.આઈ.ગોડલિયાને ક્રાઈમબ્રાંચમાં અને થોરાળાના પી.આઈ.ઝણકાંટને પ્ર.નગરમાં મૂકાયાઃગાંધીગ્રામ-૨ (યુનિ), ગાંધીગ્રામ, બી.ડિવિઝન, ટ્રાફિક, તાલુકા, આજીડેમ, એ.ડિવિઝન, માલવિયાનગર સહિતના પોલીસ સ્ટેશનના પીઆઈની આંતરીક બદલી કરાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજ્યના ગૃહ વિભાગ દવારા લોક્સભા ૨૦૨૪ની ચૂંટણી પૂર્વે રાજ્યના અલગ અલગ શહેરોમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટરો તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની બદલીઓનો ઘાણવો કાઢ્યા બાદ રાજકોટમાંથી બદલી થયેલા પીઆઈઓની ખાલી જગ્યા પર આંતરીક બદલીઓ કરી પોલીસ કમિશનરે ૧૫ પીઆઈઓની અરપરસ બદલીઓ કરી છે.

ગુજરાત સરકાર દવારા અગાઉ કરવામાં આવેલી પીઆઈ અને પીએસઆઈ બદલી બાદ રાજકોટ ક્રાઈમબ્રાંચના પીઆઈ બી.ટી.ગોહિલની અમદાવાદ ગ્રામ્યમાં સીંગલ ઓર્ડરથી બદલી કરવામાં આવી હતી. ત્યારબાદ એકાયત ગત સાપ્તાહે ક્રાઈમબ્રાંચના સીંગલ પીઆઈ વાય.બી.જાડેજાની અમદાવાદ ખાતે બદલી સીંગલ ઓર્ડરથી કરવામાં આવતા પોલીસબેડામાં હડકંપ મચી જવા પામ્યો હતો.



ક્રાઈમબ્રાંચમાં ખાલી પડેલી પીઆઈની

જગ્યા પર કોણ આવશે તેનું ભારે રહસ્ય સર્જાયુ હતું આજે એકાએક રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દવારા ૧૫ જેટલા પોલીસ ઈન્સ્પેકટરોની અરસપરસ અને બદલી બાદ ખાલી થયેલ પીઆઈની જગ્યા વાળા પોલીસ મથકોમાં બદલી કરવામાં આવી છે. જેમાં ક્રાઈમબ્રાંચના પીઆઈ તરીકે પ્ર.નગર પોલીસ મથકના એમ.આર.ગોડલિંયાને મૂકવામાં આવ્યા છે. જ્યારે પ્ર.નગરમાં થોરાળાના પીઆઈ ભાર્ગવ જણકાંટને




મૂકવામાં આવ્યા છે. એસઓજીના પીઆઈ તરીકે કૈલા અને ઈન્ચાર્જ પીઆઈ તરીકે માજીરાણાને મૂકવામાં આવ્યા છે. જ્યારે ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસના પીઆઈ પી.બી.રજીયાને ટ્રાફિકમાં અને તેની જગ્યાએ ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસમાં પીઆઈ તરીકે એન.વાય.રાઠોડ તથા ગાંધીગ્રામ પીઆઈ તરીકે બી.ટી.અકબરી, બી ડિવિઝનના પીઆઈ તરીકે એસ.એમ.જાડેજા, તાલુકા પોલીસ મથક્ના પીઆઈ તરીકે ડી.એમ.હરીપરા, આજીડેમના પીઆઈ તરીકે એ.બી.જાડેજા, એ ડિવિઝનના પીઆઈ તરીકે આર.જી.બારોટ, માલવિયાનગરના પીઆઈ તરીકે જે.આર.દેસાઈ, આર્થિક ગુના નિવારર્ણ શાખામાં જે.એમ.કેલા, પીસીબી બ્રાંચના પીઆઈ તરીકે એસ.એસ.રાણે, એમ.ઓ.બી.માં પીઆઈ તરીકે કે.જે.કરપડા, થોરાળાના પીઆઈ તરીકે એન.જી.વાઘેલા તથા પીઆઈ વસાવાને ટ્રાફિક શાખામાં બદલી કરવામાં આવી છે.

# મોરબી બી ડિવિઝન દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત ૧.૪૫ લાખના મોબાઈલ મૂળ માલિકને પરત અપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત બી ડિવિઝન પોલીસ મથકમાં અરજદારો દ્વારા મોબાઇલ ખોવાયેલ કે ચોરીની ફરિયાદને આધારે ૬ જેટલા મોબાઇલ સીઈઆઈઆર પોર્ટલનો ઉપયોગ કરી શોધી મૂળ માલિકને પરત કરાયા હતા.



મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી સાહેબએ પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા સુચના કરેલ હોય ત્યારે મોરબી બી ડિવિઝન પીઆઇ કે.એમ.છાસીયાના સુપરવિઝન હેઠળ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદના અરજદારોના ખોવાયેલ કે ચોરાયેલ મોબાઇલ શોધી કાઢવા સ્ટાફ સાથે જરૂરી બેઠક કરી માર્ગદર્શન તથા સુચના અનુસંધાને મોરબી સીટી બી ડીવી પો.સ્ટે. સર્વેલન્સ સ્ટાફ દ્વારા CEIR પોર્ટલનો ઉપયોગ કરી સતત મોનીટરીંગ રાખી ટેકનીકલ વર્કઆઉટ માટે જહેમત ઉઠાવી કુલ ૦૬ જેટલા આશરે ૧,૪૫,૦૦૦/- ની કિમતના મોબાઇલો શોધી મૂળ માલિકને પોલીસ મથકે બોલાવી એક સાથે પરત સોંપીવાની કામગીરી હાથ ધરી હતી. આ સાથે પોલીસે સુરક્ષા સાથે સેવાનુ ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે એ સુત્ર મોરબી બી ડીવી. પોલીસે સાર્થક કર્યું હતું.

# લાંબા સમયથી ફરાર શખ્સને ઝડપી લેતી એલસીબી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મેઘપર.પડાણા. પોલીસ મથકના ચોપડે ચડેલ આરોપી છેલ્લા કેટલાય સમયથી પોલીસને હાથતાળી આપી ફરાર હતો. જેને દબોચી લેવામાં જામનગર એલ.સી.બી.પોલીસ સફળ થઈ છે. પોલીસે આરોપીને પકડી પાડી તેમની વિરુદ્ધ કાર્યવાહી આગળ ધપાવી છે.



રાજકોટ રેન્જ આઈજી અને જામનગર જીલ્લાના પોલીસ વડા પ્રેમસુખ ડેલૂએ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપી હતી. જેને આધારે એલ.સી.બી.ના ઇન્ચાર્જ પીઆઇ બી.એન ચૌધરીના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફના આર.કે.કરમટા તથા પી.એન.મોરી સહિતનો સ્ટાફ જામનગર ગ્રામ્ય વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અંગે પેટ્રોલીંગમા હતા.આ વેળાએ એલ.સી.બી.ના સ્ટાફના ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા વનરાજભાઈ મકવાણા તથા ધાનાભાઇ મોરીને ફરાર આરોપી મામલે બાતમી મળતા પોલીસે રેડ પાડી હતી. આ દરમિયાન આરોપી અનિલ ઉર્ફે રોહીત મનસુખભાઇ સોલંકી (રહે ખંભાળીયા દલવાડી હોટલ પાછળ જુપડામાં તા.ખંભાળીયા જી.દેવભુમી દ્વારકા)ને ઝડપી લીધો હતો. જેની મેઘપર પોલીસ મથકમાં કલમ ૪૫૭,૫૧૧,૧૧૪,૪૨૭ મુજબના ગુન્હામા સંડોવણી બહાર આવી છે. આરોપી ઝાખર ગામના પાટીયા પાસે ચામુંડા હોટલ પાસે રોડ ઉપર થી મળી આવતા પકડી પાડી પોલીસ હેડ કોન્સટેબલ ક્રિપાલસિંહ જાડેજાએ કાર્યવાહી આગળ ધપાવી છે.પીએસઆઇ પી.એન.મોરી તથા એલ.સી.બી. સ્ટાફના સંજયસિંહ વાળા હરપાલસિંહ સોઢા, ભરતભાઇ પટેલ, નાનજીભાઇ પટેલ, દિલીપભાઇ તલવાડીયા, હરદિપભાઈ ધાધલ, વનરાજભાઇ મકવાણા, ધાનાભાઇ મોરી હિતેન્દ્રસિંહ જાડેજા અરજણભાઇ કોડીયાતર, મયુદીનભાઇ સૈયદ કાસમભાઇ બ્લોચ ક્રિપાલસિંહ જાડેજા નિર્મળસિંહ જાડેજા, કિશોરભાઈ પરમાર, હરદીપભાઇ બારડ, રૂષીરાજસિંહ વાળા મયુરસિંહ પરમાર, કલ્પેશભાઇ મૈયડ, ધમેન્દ્રસિંહ જાડેજા, ભારતીબેન ડાંગર, દયારામ ત્રિવેદી, બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

# જામનગરના રહેણાંક મકાનમાંથી ઈંગ્લિશ દારૂ પકડાયો, આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં એલસીબી ની ટુકડીએ શાંતિનગર વિસ્તારમાં દારૂ અંગે દરોડો પાડી ૪૬ નંગ ઈંગ્લીશ દારૂની બાટલી નો જથ્થો કબજે કર્યો છે, જ્યારે દારૂ નો ધંધાર્થી ભાગી છૂટ્યો હોવાથી ફરારી જાહેર કરાયો છે.જામનગરમાં શાંતિનગર શેરી નંબર-૪ ના છેડે રહેતા વિજયસિંહ હરિસિંહ જેઠવા નામના શખ્સે પોતાના મકાનના ઈંગ્લિશ દારૂનો જથ્થો ઉતાર્યો છે, તેવી બાતમીના આધારે એલસીબી ની ટુકડીએ દરોડો પાડયો હતો,



અને મકાનમાંથી ૧૮,૪૦૦ ની કિંમત નો ૪૬ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો કબજે કર્યો છે.આ દરોડા સમયે દારૂનો ધંધાર્થી વિજયસિંહ જેઠવા ભાગી છૂટ્યો હોવાથી પોલીસે તેને ફરારી જાહેર કરી શોધ ખોળ હાથ ધરી છે

# જામનગરના મોરકંડા ગામની નદીમાં ડૂબી જવાથી મહિલાનું નિપજ્યું મૃત્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીકના મોરકંડા ગામના ધાર વિસ્તારમાં વહેતી નાગમતી નદીના પટમાંથી ચાલ્યા જતાં એક મહિલા કોઈ રીતે પાણી ભરેલા ઉંડા ખાડામાં પડી ગયા પછી મોતને શરણ થયા છે. પોલીસે મૃતકના પતિનું નિવેદન નોંધ્યું છે.જામનગરના ઠેબા બાયપાસ નજીક આવેલા મોરકંડા ગામના ધાર વિસ્તાર પાસે વેલનાથ શાળા નજીક વસવાટ કરતા રેખાબેન જગદીશભાઈ ચૌહાણ નામના પચ્ચીસ વર્ષના કોળી મહિલા મોરકંડાના સીમ વિસ્તારમાંથી પસાર થતી નાગમતી નદીમાંથી જતા હતા.આ નદીમાં



પાણીની વચ્ચે ઉપસી આવેલા રસ્તા પરથી તે મહિલા ચાલ્યા જતા હતા ત્યારે કોઈ રીતે પાણી ભરેલા ખાડામાં લપસી પડ્યા હતા. ખાડાના ઉંડાણમાં ડૂબી જવાથી આ મહિલાનું મૃત્યુ નિપજ્યું છે.

કોઈએ તે મહિલાને ખાડામાં પડી જતા જોઈ ફાયરબ્રિગેડને જાણ કરી હતી. દોડી આવેલી ફાયરના જવાનોની ટીમે તે મહિલાને બહાર કાઢ્યા હતા. દોડી આવેલી પંચકોશી-બી ડિવિઝન પોલીસને તેણીનો મૃતદેહ સોંપી આપવામાં આવ્યો છે. પોલીસે મૃતકના પતિ જગદીશભાઈ લાલજીભાઈ ચૌહાણનું નિવેદન નોંધ્યું છે.

# પડતર પ્રશ્નોને લઈ જામનગરની જિલ્લા પંચાયતના કર્મચારીઓ કાળા વસ્ત્રો પહેરીને પોતાની ફરજમાં જોડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પંચાયતના કર્મચારીઓ વિવિધ પ્રશ્નોને લઈને કાળા વસ્ત્રો પહેરીને ફરજ માં જોડાયા.ગુજરાત રાજ્ય પંચાયત કર્મચારી મહાસંઘના આદેશ અનુસાર સમગ્ર રાજ્ય ભરમાં ફરજ બજાવતા પંચાયતી કર્મચારીઓના જુદા જુદા પ્રશ્નોને લઈ ને વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમોનો પ્રારંભ કરાયો છે, જેના ભાગરૂપે આજે જામનગરની જિલ્લા પંચાયતના તમામ કર્મચારીઓ



કાળા વસ્ત્રો પહેરીને પોતાની ફરજ પર જોડાયા છે.જે પ્રશ્નોનું આજ સુધી નિરાકરણ આવ્યું ન હોવાથી આજે ગુજરાત રાજ્ય પંચાયત કર્મચારી મહાસંઘના આદેશ અનુસાર વિરોધ કરાયો છે. શરૂ કરાયેલા આંદોલન ના પગલે સમગ્ર રાજ્યના કર્મચારીઓ કાળા કપડા ધારણ કરીને પોતાની ફરજ બજાવી રહ્યા છે જેમાં જામનગર જિલ્લા પંચાયતના કર્મચારીઓએ પણ કાળા વસ્ત્રો પહેરીને ફરજ પર હાજર રહી પોતાનો વિરોધ દર્શાવ્યો છે, અને મુખ્યમંત્રીને પડતર પ્રશ્નો અંગે આવેદનપત્ર પાઠવવામાં આવી રહ્યું છે.ત્યારબાદ આગામી તારીખ ૨૩ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર ખાતે બપોરે ૧૨.૦૦ વાગ્યા થી ૩.૦૦ વાગ્યા સુધી ધરણાં નો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે.

# મોરબી જિલ્લા કોંગ્રેસના પ્રમુખની વરણીને લઈને આંતરિક વિવાદ

## ભાજપની વિચારધારા પસંદ નહોતી એટલે હું કોંગ્રેસમાં પરત આવ્યો છું, હાલ ભાજપમાં રહેલ પત્નીને પણ જરૂર પડયે કોંગ્રેસમાં પરત લવાશેઃ કિશોર ચિખલિયા

**મુખ્ય સમાચાર, મોરબી**

ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટી દ્વારા મોરબી સહિત અલગ અલગ ૧૩ જિલ્લાઓમાં નવા જિલ્લા પ્રમુખના નામની જાહેરાત કરવામાં આવી હતી જેમાં મોરબી જિલ્લા કોંગ્રેસ ના પ્રમુખ તરીકે કિશોર ચિખલીયા ના નામની જાહેરાત થતાં મોરબી કોંગ્રેસમાં વિરોધ ના સૂર ઉઠી રહ્યા છે તેમજ કિશોર ચોખલિયા ને ભાજપમાંથી કોંગ્રેસમાં લાવી વાંકાનેરમાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય જાવેદ પીરઝાદા અને ટંકારાના કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય લલિત કગથરા એ દબાણ કર્યું હતું અને એમના દબાણ થી જ પ્રમુખ તરીકે કિશોર ચિખલોયા ની નિમણુક થઈ છે અને બન્ને પૂર્વ ધારાસભ્ય જાવેદ પીરઝાદા અને લલિત કગથરા કોંગ્રેસને વિખવા માંગતા હોવાનો સણસણતો આક્ષેપ મોરબી જિલ્લા કોંગ્રેસ ના પૂર્વ પ્રમુખ દ્વારા કરવામાં આવ્યો છે.



મોરબી જિલ્લા કોંગ્રેસના નવા પ્રમુખ તરીકે કિશોર ચિખલિયા ની વરણી કરવામાં આવતા મોરબી કોંગ્રેસમાં વિરોધ ઉથી રહ્યો છે જેને લઇને જિલ્લા કોંગ્રેસ પૂર્વ પ્રમુખ જયંતિભાઈ જયરાજભાઈ પટેલના કાર્યાલયે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી.અગાઉ કોંગ્રેસમાં રહેલા અને હાલમાં મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે નિયુક્ત થયેલ કિશોર ચીખલીયા કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા હતા ત્યાર બાદ ફરીથી કોંગ્રેસમાં વાપસી કરી છે.અને હાલમાં કિશોર ચીખલિયા ના પત્ની અસ્મિતાબેન ચીખલિયા ભાજપ પક્ષ તરફથી મોરબી જિલ્લા પંચાયતમાં ભાજપ સદસ્ય છે અને મહિલા અને બાળ વિકાસ સમિતી ના સભ્ય તેમજ અપીલ સમિતિના સભ્ય તરીકે કાર્યરત છે ત્યારે કોંગ્રેસમાં નવા પ્રમુખ તરીકે કિશોર ચીખલિયા ની પસંદગી ના કોંગ્રેસ હાઇકમાન્ડ ના નિર્ણય ને કારણે ઉભા થયેલ આંતરિક વિરોધ ને લઈને મોરબીનુ રાજકારણ ગરમાયું છે અને કોંગ્રેસ હાઈ કમાંડના આ નિર્ણય ને લઈને મોરબી કોંગ્રેસમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે તેમજ વાંકાનેરના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય જાવેદ પીરઝાદા અને ટંકારાના પૂર્વ ધારાસભ્ય લલિત કગથરા મોરબી કોંગ્રેસને વીખવા માંગતા હોવાનો આક્ષેપ કરાયો છે.તેમજ વધુમાં જણાવ્યું હતું કે બન્ને પૂર્વ ધારાસભ્યો ગત ચુંટણી સમયે પણ એક પણ મિટિંગમાં હાજર રહેતા નહોતા અને કાર્યકરો ને માર્ગદર્શન આપતા ન હતા.

તેમજ આ વિરોધ બાબતે નવનિયુક્ત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોર ચિખલીયા એ જણાવ્યું હતું કે મોરબી જિલ્લામાં રાષ્ટ્રીય કોંગ્રેસ અને પ્રદેશ કોંગ્રેસ એ આપેલ જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવિશ અને પૂર્વ પ્રમુખ એ જે આક્ષેપ કર્યા છે એ અમારા વડીલ છે તે વડીલ ને સાથે રાખીને અમે કામ કરશું અને કોઈ અમારાથી દૂર હસે તો તેઓને સમજાવી ને સાથે રાખીને મોરબી જિલ્લા કોંગ્રેસ મજબૂત બને તેવા પ્રયત્નો કરીશું અને કોંગ્રેસમાંથી ભાજપમાં અને ફરી ભાજપ માંથી કોંગ્રેસમાં આવવા બાબતે જણાવ્યું હતું કે જે તે સમયે કોંગ્રેસ છોડી એ મારી ભૂલ હતી મારી વિચાર ધરા કોંગ્રેસ સાથે જોડાયેલી છે ભાજપની વિચારધારા મને યોગ્ય નહોતી લાગતી અને ટંકારા પૂર્વ ધારાસભ્ય લલિત કગથરા અને વાંકાનેરના પૂર્વ ધારાસભ્ય જાવેદ પીરઝાદા ના સહોયોગથી તેઓ કોંગ્રેસમાં પરત ફર્યા છે અને કિશોર ચીખલિયાના પત્ની હાલમાં ભાજપ જિલ્લા પંચાયતના સદસ્ય છે તો એ બાબતે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કોંગ્રેસ એ જવાબદારી સોંપી છે તો હું કોંગ્રેસનું કામ કરીશ પત્ની નુ કામ નહિ કરું.તેમજ ભાજપ ની વિચારધારા યોગ્ય નથી તો તેઓના પત્ની ભાજપ શાસિત જિલ્લા પંચાયત ના સદસ્ય છે તો એ બાબતે જણાવ્યું હતું કે એ અત્યારે ચૂંટાયેલ પ્રતિનિધી છે એ ભાજપમાં છે જરૂર પ્રડશે ત્યારે અમે તેને કોંગ્રેસમાં લઈ લેશું તેમ જણાવ્યું હતુ વધુમાં જણાયું હતું કે અત્યારે બન્ને પક્ષના આયારામ ગયારામ જેવી સ્થિતિ છે અને આ સામાન્ય વાત બની ગઈ છે.અને અત્યારે પ્રદેશ કોંગ્રેસ એ આપેલ જવાબદારી નિભાવી અને કોંગ્રેસ ને મજબૂત બનાવવા કામ કરીશું.

# નવરંગ નેચર ક્લબ અને રામ-રહીમ ફાઉન્ડેશન-ચોટીલાના સંયુક્ત ઉપક્રમે ફૂલછોડનું રાહતદરે વિતરણ

## વિવિધ જાતના ફૂલછોડ, અળસીયાનું ખાતર, પ્યોર મધ, પૂઠાંના ચકલીઘર રાહતદરે મળશે

**મુખ્ય સમાચાર, મોહસીનખાન પઠાણ**

નવરંગ નેચર ક્લબ-રાજકોટ અને રામ-રહીમ ફાઉંડેશન-ચોટીલા દ્વારા સતત ચોથી વખત ચોટીલાના પર્યાવરણ પ્રિય લોકો માટે આવતી કાલે તારીખ ૧૮/૦૨/૨૦૨૪ ને રવિવાર ના રોજ સવારે ૦૮:૩૦ થી બોપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી પ્રાથમિક શાળા નં-૨ પાસે, સાર્વજનિક હોસ્પિટલની સામે, ચોટીલા ખાતે રાહત દરે અલગ અલગ પ્રકારના રોપા તેમજ ઘરે શોભે તેવા ફૂલછોડનું રાહતદરે વિતરણ રાખેલ છે. લીલા શાકભાજી એ લોકો ની રોજ ની જરૂરિયાત છે, ખાસ કરી ને ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારમાં રેહતા લોકો થોડી વધુ મહેનત કરે તો પોતાના શાક ની જરૂરિયાત ઘર આંગણે કે વાડીએ ઉછેરી ઓર્ગનીક તાજા લીલા શાકભાજી ખાઈને તંદુરસ્તી મેળવી શકે છે તેવા હેતુ થી નવરંગ નેચર ક્લબ રાહત દરે શાકભાજી જેવા કે ૧) ગાજર ૨) બીટ ૩) મૂળા ૪) રીંગણી ૫) વાલોર ૬) પાલક વગેરે ના બિયારણ નું ફક્ત ૫ રૂ. માં વિતરણ કરશે.

આ સિવાય હાથે ખાંડેલા દેસી ઓસળિયા, વિવિધ જાત ના પાપડ. અને મોગરો ક્રોટોન, રસૂલીયા, ગાર્ડનીયા, જાસૂદ, લાલ અને મિક્સ કાશ્મીરી ગુલાબ, દિનકા રાજા, મધુકામીની, મધુમાલતિ, લીલી, ખટુંબરા વગેરે રોપા તેમજ કાશ્મીરી અને ઈંગ્લીશ ગુલાબના રોપાઓ, મોગરો, મયુર પંખ, રાતરાણી, ક્રીશ્મસ ટ્રી, એકઝોરા,ક્રોટોન વિગેરે રોપા તથા ફૂલછોડ રાહત ભાવે મળશે. આ સિવાય અળસીયા એ બનાવેલ ખાતર ૧ કિલો ફક્ત ૨૦ રૂ. માં વેચાણ થાય છે.

આ બધું ખેડૂતો અને અન્ય લાભાર્થીઓ વેચવા આવે છે તેને અમારી સંસ્થા જગ્યા અને પ્રચાર ની વ્યવસ્થા વિનામૂલ્યે કરી આપે છે. વધુ વિગત માટે પ્રમુખ શ્રી રામ રહીમ ફાઉન્ડેશન ચોટીલા મોહસીનખાન પઠાણ મો. ૯૨૨૮૪ ૩૨૫૬૦ અને વી. ડી. બાલા પ્રમુખ નવરંગ નેચર ક્લબ - રાજકોટ મો. ૯૪૨૭૫૬૩૮૯૮ નો સંપર્ક કરી શકો છો.

# જામનગર જી.જી.હોસ્પિટલ પરિસરમાં રૂ. ૫૭૫ કરોડના ખર્ચે નવીન સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નિર્માણ પામશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જી.જી.હોસ્પિટલ પરિસરમાં રૂ. ૫૭૫ કરોડના ખર્ચે નવીન સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નિર્માણ પામશે.૧૧૫૦ પથારીની હોસ્પિટલમાં ૬૫૦ બેડ સુપર સ્પેશિયાલિસ્ટ સેવાઓ અને ૫૦૦ બેડ માતૃ-બાળની સેવાઓ માટે ઉપલબ્ધ બનશે.નિર્માણ પામનાર નવીન હોસ્પિટલ જામનગર ઉપરાંત પડોશી જિલ્લાના લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે.આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જામનગર જી.જી હોસ્પિટલ એક્સપાન્શન સંદર્ભ જણાવ્યું



છે કે, જી.જી.હોસ્પિટલ પરિસરમાં રૂ. ૫૭૫ કરોડના ખર્ચે નવીન સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નિર્માણ પામશે.આ નવીન હોસ્પિટલ જામનગર સહિત પડોશી જીલ્લાના નાગરીકોની સુખાકારીમાં વધારો કરશે.૧૧૫૦ પથારીની હોસ્પિટલમાં ૬૫૦ બેડ સુપર સ્પેશિયાલિસ્ટ સેવાઓ અને ૫૦૦ બેડ માતૃ-બાળની સેવાઓ માટે ઉપલબ્ધ બનશે.નવીન હોસ્પિટલમાં ઓ.પી.ડી, આઇ.પી.ડી, રસીકરણ, ઇમરજન્સી સારવાર, આઇ.સી.યુ, ઓપરેશન, નિદાન, ડી.ઇ.આઇ.આર.સી. ડીસ્ટ્રીક્ટ અર્લી ઇન્ટરવેન્શન એન્ડ રીહેબિલિટેશન સેન્ટર, એન.આર.સી.ન્યુટ્રીશનલ રીહેબીલીટેશન સેન્ટર. સ્પેશ્યલ વેલ બેબી કલીનીક, એડોલસંટ કલીનીક, વગેરે જેવી સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે.હોસ્પિટલ પરિસરમાં વર્ષોજૂના બાંધકામ તોડીને નવીન હોસ્પિટલ તૈયાર કરવાની પ્રક્રિયા આરંભવામાં આવી છે.હાલ જામનગરની જી.જી. હોસ્પિટલમાં ૨૧૪૫ બેડની સુવિધા ઉપલબ્ધ છે.વર્ષ ૨૦૨૧ થી ૨૩ માં ૧૪.૭૦ લાખ દર્દીઓએ સારવાર મેળવી.૨૪.૩૯ લાખ લેબ ટેસ્ટ કરવામાં આવ્યા. ૧૭,૩૦૭ સફળ પ્રસુતિ થઈ. ૧૮,૭૨૭ મેજર અને ૩૫,૫૬૫ માઇનોર સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી.

# લાલપુર તાલુકામાં કોલેજના વિદ્યાર્થીઓ માટે તમાકુ વિરુદ્ધ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ સેલ જામનગરની ટીમ દ્વારા સમગ્ર જામનગર જિલ્લામાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. લાલપુર તાલુકાના લાલપુર ગામમાં સ્થિત સરકારી વાણિજ્ય અને વિનીયન કોલેજના વિદ્યાર્થીઓ માટે તમાકુ વિરુદ્ધ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમમાં, તમાકુથી થતાં નુકસાન વિષે બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ તમાકુ નિયંત્રણ અધિનિયમ- ૨૦૦૩ અંતર્ગત કાયદા વિષે અને વ્યસન મુક્તિ વિષે માર્ગદર્શન, આઈ.ઈ.સી. એક્ટિવિટી, વકતૃત્વ સ્પધો, ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. કાર્યક્રમના અંતે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત સર્વેને પૌષ્ટિક નાસ્તો આપવામાં આવ્યો હતો.

જી.જી.સરકારી હોસ્પિટલ, જામનગરમાંથી માનસિક આરોગ્ય વિભાગમાંથી ડો.પ્રજેષ અને તેમની ટીમ દ્વારા બાળકોને માનસિક બીમારીઓ વિષે માહિતી, માર્ગદર્શન અને તેના ઉપચાર વિષે જાગૃત કરાયા હતા. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમના જિલ્લા કક્ષાના કાઉન્સેલર નઝમાબેન હાલાએ "tobacco free education institutions" કરવા માટેની કામગીરી વિષે કોલેજના સ્ટાફગણને માર્ગદર્શન આપ્યું હતું.

# મોરબી જિલ્લા કરણી સેના ટીમ દ્વારા વીસીપરા વિસ્તારમાં આવેલ કૈલાશધામની મુલાકાત લેવામાં આવી હતી





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી વીસીપરા વિસ્તારમાં આવેલ કૈલાસ ધામ મધ્યે રાજપૂત ક્ષત્રિય સમાજ તેમજ અન્ય સમાજના વર્ષો જુના પાળીયાઓ આવેલ છે જેમાંથી ઘણા પાળિયા તેમજ મૂર્તિઓ ખંડિત હાલતમાં હોય તેમજ રાજાશાહી વખતની મૂર્તિઓમાં વર્ષોથી કોઈ સાફ સફાઈ કરાવેલ ન હોય જગ્યાની હાલત ખુબજ ખરાબ હાલતમાં હોય જેની જાણ રાજપૂત કરણી સેના જિલ્લા પ્રમુખ જયદેવસિંહ જાડેજા ને થતા મોરબી કરણી સેના જિલ્લા ટીમ ના હોદેદારો મોરબી કૈલાસ ધામ ખાતે પહોંચી ને જગ્યા ની મુલાકત કરી હતી તેમજ મોરબી કરણી સેના ટીમ દ્વારા આ તમામ માહિતી મોરબી નગર પાલિકા ઓફિસર ને જાણ કરવામાં આવી હતી તેમજ અધિકારી ઓને આ પરિસ્થિતિ અંગે સાવચેત કર્યા હતા તેમજ આ જગ્યાની સાફ સફાઈ માટે કરણી સેના ટીમ દ્વારા નગર પાલિકામાં રજુઆત કરવામાં આવી હતી ત્યારે નગર પાલિકા દ્વારા પણ કરણી સેનાના આ વિચારને બિરદાવામાં આવી હતી તેમજ નગર પાલિકા દ્વારા કરણી સેના ને વિશ્વાસ અપાવવામાં આવ્યો હતો કે આવનારા ચારથી પાંચ દિવસ દરમ્યાન આ જગ્યાની સાફ સફાઈ નગર પાલિકા દ્વારા કરાવડાવી આપવામાં આવશે સાથોસાથ કરણી સેના ટીમ દ્વારા વીસીપરામાં આવેલ કેશવાનંદ બાપુ ના આશ્રમ ની પણ મુલાકાત લેવામાં આવી હતી જ્યાં કેશવાનંદ બાપુના શિષ્ય શ્રી કની માતાજી ના આશીર્વાદ લેવામાં આવ્યા હતા.

# સમય ટ્રેડીંગના સંચાલકને ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા

## સજા સાથે કોર્ટએ છ લાખ પરત કરવાનો હુકમ કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રાજકોટમાં આવેલા સમય ટ્રેડીંગના વહીવટકર્તા પ્રદિપ ખોડાભાઈ દાવેરાએ લીધેલાં રૂપિયા ૬ લાખનો ચેક રિટર્ન થતા કોર્ટ દ્વારા તેઓને એક વર્ષની સજા તેમજ ૬ લાખ ચૂકવવા હુકમ કરેલ છે. આ કેસની હકીકત એવી છે કે, ફરીયાદી અશ્વિનભાઈ કમજાભાઈ બરંડા, રહે. રેલનગર વાળાને સમય ટ્રેડીં ગના વહીવટકર્તા પ્રદિપ ખોડાભાઈ દાવેરા પાસે પૈસા રોકાણની સ્કીમ વિશે સમજાવી પોતાની પેઢીમાં રોકાણ કરવાથી પુરેપુરૂ વળતર આપવામાં આવશે અને રોકાણમાં આવતા ભંડોળનો ઉપયોગ વિકાસ અર્થે લેવામાં આવે છે. જેથી ફરીયાદી અશ્વિનભાઈ બરંડાએ સંપુર્ણ વિશ્વાસ રાખી રોકાણ કરેલ. ત્યારબાદ ફરીયાદી દ્વારા થોડા મહિનાઓ પછી રોકાણ કરેલ નાણાં પરત માંગતા આરોપી દ્વારા ઓથોરાઈઝડ સહીવાળો ચેક આપવામાં આવેલ જે ચેક ફરીયાદીએ બેંકમાં નાંખતા પરત ફરતા ફરીયાદીએ તેમના વકીલ સમીર એમ. ખીરા દ્વારા લીગલ નોટીસ મોકલેલ જેનો કોઈ જવાબ ન આવતા કોર્ટમાં ચેક રીટર્નનો કેસ ફરીયાદીએ દાખલ કરેલ. આ કેસ ચાલવા પર આવતા ફરીયાદીના વકીલની દલીલો પરથી ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે સ્પષ્ટ તારણ કરેલ કે, દેશ ઝડપથી નાણાંકીય વ્યવહારમાં પારદર્શક્તા લાવવાની દિશામાં જઈ રહયો છે ત્યારે નાણાંકીય વ્યવહારમાં ચેકની વિશ્વનીયતા જળવાઈ રહે તે ઘણું જરૂરી અને આવશ્યક છે. કાયદા ઘડવા પાછળ વિધાનસભાનો હેતુ પણ તેવો જ છે. જેથી આરોપી પ્રદિપ ખોડાભાઈ દાવેરાને એક વર્ષની સજા તથા રૂા.૬,૦૦,૦૦૦/- ફરીયાદીને ચુકવવાનો હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદીના વકીલ તરીકે સમીર એમ. ખીરા રોકાયેલા હતા.

# કોંગ્રેસના બેંક ખાતા ઈન્કમટેક્સે ફ્રીઝ કરતા એનએસયુઆઈ ક્ર્યો હલ્લાબોલ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગઈકાલે આવક્વેરા વિભાગ દવારા કોંગ્રેસ પક્ષના તમામ ખાતાઓ ફ્રીજ કરાતા તેના પડઘા સમગ્ર દેશમાં પડયા છે. ગુજરાતમાં પણ કોંગ્રેસના હોદેદારો અને કાર્યકરોએ આ અંગે વિરોધ કરી કેન્દ્ર સરકારને આડે હાથ લીધી હતી. ગાંધીનગરમાં કોંગ્રસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ તેમજ અન્ય હોદેદારોએ સરકાર વિરૂધ્ધ સુત્રોચાર કરી અટકાયત વ્હોરી હતી. બીજી તરફ રાજકોટમાં પણ એનએસયુઆઈએ કિશાનપરા ચોકમાં મોટી સંખ્યામાં હલ્લાબોલ ક્ર્યો હતો. જોકે બાદમાં એનએસયુઆઈના હોદેદારો સહિત કાર્યકરોની પોલીસ તંત્રએ ટીંગાટોળી કરી અટકાયત કરી હતી.

# અયોધ્યા જતી આસ્થા ટ્રેનને પ્રસ્થાન કરાવતા વજુભાઈ વાળા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ સહિત સમગ્ર દેશમાંથી અયોધ્યામાં રામલલ્લાના દર્શન માટે ખાસ આસ્થા ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના ભાગ રૂપે આજે રાજકોટથી શહેર અને જિલ્લાના કુલ ૧૩૫૫ શ્રધ્ધાળુઓને લઈ સવારે રેલવે સ્ટેશનથી આસ્થા સ્પેશિયલ ટ્રેન અયોધ્યા જવા રવાના થઈ હતી. આ ટ્રેનનું પ્રસ્થાન કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાના હસ્તે કરાયું હતું.

# ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ એડવોકેટ સ્વ.ઈલાબેન પાણેરીના જન્મદિવસે જરૂરિયામંદના જીવનમાં ઉજાસ લાવવાનો પ્રયાસ



રાજયની હાઈકોર્ટમાં વરિષ્ઠ એઠવોકેટ સ્વ.ઈલાબેન પાણેરીના જન્મદિવસે જરૂરિયામંદના જીવનમાં ઉજાસ લાવવાનો પ્રયાસ તેમના પરિવાર દવારા કરાયો હતો. આજના દિવસે તેમના પુત્ર અને કોંગ્રેસના સૌરાષ્ટ્રના પ્રવકતા તુષિત પાણેરી દવારા જરૂરિયાતમંદ પરિવારોને રાશનના વિતરણ સાથે વિદ્યાર્થીઓની શિક્ષણ હેતુ કોચિંગ ફી માટેના નાણા પણ ચૂકવવામાં આવ્યા હતા. આ રીતે સ્વ.ઈલાબેન ઉપાધ્યાય પાણેરીને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી. તેમના પરિવાર દ્વારા આજના દિવસે અનેક સેવાના કાર્ય કરવામાં આવ્યા હતાં.

# વાણીયાવાડીમાંથી ૩૬૬ ગ્રામ અફીણના જથ્થા સાથે પેડલર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભકિનગર પોલીસે બે દિવસ પુર્વે ૧૧ - કિલો ગાંજાના જથ્થા સાથે સગીરને ઝડપી લઈ વધુ ત્રણને પકડવા મથામણ કરી હતી તે દરમ્યાન શુક્રવારે એસ. ઓ.જી.એ. ચોકકસ માહીતીને આધારે વાણીયાવાડી માંથી ૩૬૬ ગ્રામ અફીણ સાથે શખસને ઝડપી લઈ આ માદક પદાર્થી કયાંથી લાવ્યો સહીતની પુછતાછ કરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ વાણીયાવાડી માં એક શખસ માદક પદાર્થ વેંચવા આવતો હોવાની ચોકકસ માહીતીને આધારે પીઆઈ. સરવૈયા પી. એસ.આઈ. ગોહેલ સહીતના સ્ટાફે વોચ ગોઠવી શંકાસ્પદ શખસને અટકાવી પુછતાછ કરતા તે ૪૦ ફુટ રોડ પર આહીર ચોક પાસે ન્યુ ગોપ વંદના સોસાયટીમાં રહેતો વિજય રામભાઈ બાવડા હોવાનુ અને છુટક ડ્રાઈવીંગ કામ કરતો હોવાનુ જણાવતા પોલીસે તેની તલાસી લેતા તેની પાસેથી ૯ હજારની કિંમતનુ ૩૬૬.૫૪ ગ્રામ અફીણ મળી આવતા તેની અટકાયત કરી વધુ પુછતાછ કરતા તે ડ્રાઈવીંગ કામ કરતો હોય કેટલાક સમયથી કામ મળતુ ન હોય ધંધો શરૂ કર્યો હોવાનુ રટણ કરતા તેની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી હતી.



# રાણાવાવ નજીક રાણા બોરડીની સીમમાં લૂંટ ચલાવી યુવાનની હત્યા કરનાર બેલડી ઝડપાઈ



**મુખ્ય સમાચાર, પોરબંદર**

પોરબંદરના રાણાવાવ નજીક રાણાબોરડીની સીમમાં પોરબંદરના યુવાનની થયેલી ઘાતકી હત્યાના ગુન્હાને ડિટેકટ કરીને પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે.જેઓએ એવું કબુલ્યું છે કે પાંચ હજાર રૂપિયાની રકમ માટે જ તેઓએ ખુન કર્યું હતું, તેથી પોલી પોલીસે તેના રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.

તા.૧૪.૨.૨૦૨૪ ના રોજ રાણાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારના રાણાબોરડી ગામની સીમ કોકસીયા મહાદેવના ડુંગરના જંગલમાં પોરબંદરના રવિપાર્કમાં ગાયત્રીમંદિર પાસે રહેતા સવજીભાઇ લખમણભાઈ પરમાર ઉ.વ ૪૫ નું ચહેરા (મોઢા) ના ભાગે બોથડ પદાર્થ વડે ગંભીર ઇજાઓ કરી મોત નીપજાવી પાંચ હજાર રૂપીયાની લુંટ કરેલનો ગુન્હો રજીસ્ટર થયો છે. જેમાં આરોપી તરીકે શકદાર અજાણ્યા બે ભંગારના છકડો રીક્ષાવાળા હોય અને આ મર્ડરનો ગુન્હો વણ શોધાયેલ ગુન્હો હોય. જે ગુન્હાના આરોપીઓને સત્વરે પકડી પાડવા જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા દ્વારા આપેલ સુચના ૧ અને માર્ગદર્શન એલ.સી.બી., એસ.ઓ.જી., પેરોલ ફર્લો સ્કોડ તથા રાણાવાવ પોલીસ સ્ટેશનના માણસોની અલગ-અલગ ટીમો બનાવી હ્યુમન સોર્સીસ તથા સી.સી.ટી.વી. કેમેરાની મદદ થી તપાસ કરી રહેલ હતા દરમ્યાન એલ.સી.બી.ના હેડ કોન્સ્ટેબલ ગોવિંદભાઈ મકવાણા તથા પોલીસ કોન્સ્ટેબલ દુલાભાઈ ઓડેદરા ને હકીકત મળેલ કે, આ મર્ડરના શકદાર અજાણ્યા બે ભંગારની છકડો રીક્ષાવાળા ઇસમો રાણાવાવ ગોપાલપરામાં રહેતા સંજય ભીખુભાઈ મકવાણા તથા સાહીલ મગનભાઈ મકવાણા છે અને મજકુર બંન્ને દોલતગઢ સીમમાંથી નીકળવાના છે. જેથી બંન્ને ઇસમોની વોચ તપાસમાં રહી મજકુર રાણાવાવ ગોપાલપરાના દેવીપુજકવાસમાં રહેતો સંજય ભીખુભાઈ ભીખુભાઇ ઉર્ફે જીકો મકવાણા ઉ.વ.૩૨ તથા સાહીલ ઉર્ફે પીળો મગનભાઈ મકવાણા ઉ.વ.૨૦ મળી આવતા આગળની કાર્યવાહી માટે રાણાવાવ પોલીસને સોંપી દીધા હતા.

# કરાટે ડુ ફેડરેશન-ગુજરાત નામની સંસ્થા કરાટે ટૂર્નમિન્ટમાં રાજ્ય સરકારના નામે વિદ્યાર્થીઓને છેતરી રહી છે

## રાજકોટના ટેકનોફાઈટ માર્શલ આર્ટસના રોબીન કાસુન્દ્રા તેમજ અન્ય 30 કરાટે કોચ દ્વારા લેભાગુ સંસ્થાનો પત્રકાર પરિષદમાં પર્દાફાશ કરાયોઃ ટૂંક સમયમાં આ છેતરપિંડી કરતી સંસ્થા વિરૂધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવાનો રાજકોટના કરાટે કોચનો દાવો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ટેકનોફાઈટ માર્શલ આર્ટસ કલબ તથા અન્ય ૩૦ જેટલા કરાટેના કોચ દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં કરાટે ડુ ફેડરેશન નામની ભ્રામક સંસ્થા ચાલી રહી છે જે સંસ્થાના સંચાલકો રાજકોટ સહિત સમગ્ર રાજ્યના તમામ જિલ્લાઓના વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે છેતરપિંડી કરી તેમની સંસ્થા કરાટે ડુ ફેડરેશન ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માન્ય છે તેમ કહી વર્ષમાં બે વાર ગુજરાતમાં કરાટેની ટૂર્નામેન્ટ યોજી ભાગ લેનાર વિદ્યાર્થી પાસેથી રૂા.૧૫૦૦ જેવી મસમોટી ફી ઉઘરાવી તેમની સંસ્થાનું સર્ટિફીકેટ આપી દે છે.

આ અંગે ટેકનોફાઈટ માર્શલ આર્ટ કલબ રાજકોટના સંચાલક રોબીન કાસુન્દ્રા તથા દીપ પરમારે જણાવ્યું કે તાજેતરમાં જ કરાટે ડુ ફેડરેશન નામની સંસ્થા બોગસ છે તે જાણવા મળ્યું છે તેમજ આ સંસ્થા રાજ્ય સરકારના રમત ગમત તેમજ સાંસ્કૃતિક વિભાગ દ્વારા માન્ય નથી. વધુમાં આ સંસ્થા ૨૦૧૪થી ચાલી રહી છે. સંસ્થાના પ્રમુખ તરીકે કમલેશ મકવાણા તેમજ તેમની ટીમના ૯ સભ્યો ૧૦ વર્ષથી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને છેતરી તેઓ પાસેથી ટૂર્નામેન્ટ રમવાના નામે મસમોટી રકમ ખંખેરી રહ્યા છે. રોબીન કાસુન્દ્રાએ વધુમાં જણાવ્યું કે આ અંગે અમોને જાણ થતા સંસ્થાના પ્રમુખ પાસે હિસાબ માંગતા તેઓએ માનહાનીનો દાવો કરવાની ધમકી આપી છે.

સરકાર દ્વારા હાલમાં કરાટેને લગતી ખેલ મહાકુંભ તથા સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડીયા નામની બે જ સ્પર્ધા યોજાય છે તેઓએ એ વાતનો પણ ઉલ્લેખ કર્યો છે કે આ બોગસ સંસ્થાના દર ટૂર્નામેન્ટમાં ૭૦૦થી ૮૦૦ બાળકો ભાગ લે છે. વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી કરતી આ લેભાગુ સંસ્થા સામે ટૂંક સમયમાં જ પોલીસ ફરિયાદ દાખલ કરાશે તેવું અંતમાં તેઓએ જણાવ્યું હતું.

# કિસાન ગેટવે એપનું લોન્ચિંગઃ ખેતી અને ખેડૂતોની જરૂરિયાતોના ઉકેલ માટેનું અસરકારક માધ્યમ

## ખેડૂતોને સશક્ત બનાવવા, કૃષિ પદ્ધતિઓ વિષે ગ્રામીણ વિસ્તારોમાં જાગરૂકતા વિકસાવવા ૨૪/૭ ડીજીટલ પ્લેટફોર્મ બનાવાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજના બદલતા જતા સમયની સાથે સાથે દરેક ક્ષેત્રે બદલાવ આવી રહ્યો છે અને લોકો ટેકનોલોજી તરફ દોટ મૂકી રહ્યા છે ત્યારે ખેડૂતોને પણ આ દિશામાં આગળ વધવાની જરૂર છે. વર્તમાન સમયમાં મોબાઈલ એપ્લીકેશન અને ઓનલાઈન પ્લેટફોર્મ ખેતી અને પશુપાલનને લગતા અનેક પડકારોને પહોચી વળવાની અપાર ક્ષમતા ધરાવે છે ત્યારે કિસાન ગેટવે એપ ખેડૂતો માટે અત્યંત ઉપયોગી ડીજીટલ પ્લેટફોર્મ સાબિત થઇ શકે છે.

ખેડૂતોને ટેક્નોલોજી આધારિત એન્ડ ટુ એન્ડ સોલ્યુશન્સ પ્રદાન કરવા માટે બનાવવામાં આવેલી આ મોબાઇલ એપ્લિકેશન ગુજરાતમાં લોન્ચ થઇ છે. આ કિસાન ગેટવે એપ ઉપયોગમાં સરળ એપ્લિકેશન છે એટલું જ નહી, માલ અને સેવાઓ સીધા ખરીદ-વેંચાણ ઉપરાંત કૃષિ નિષ્ણાતોને પણ એક્સેસ પ્રદાન કરે છે. ખેતી ક્ષેત્રનાં પડકારોને સરળ બનાવવા અને શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કરવામાં ખેડૂતોની શક્તિ બનવાના લક્ષ્ય સાથે ગુજરાતમાં આ એપ લોન્ચ કરવામાં અવી છે.

કિસાન ગેટવે મોબાઇલ એપ્લિકેશનને કૃષિ, ખેડૂતો, ખેતી અને નિષ્ણાતોને અરસપરસ જોડવા માટે તથા એક પ્લેટફોર્મ તરીકે સેવા આપે એ રીતે ઝીણવટપૂર્વક તૈયાર કરવામાં આવી છે. એપ્લિકેશનનો ઉદ્દેશ્ય તકનીકી પ્રગતિને અપડેટ કરવા ઉપરાંત તમામ કૃષિ જરૂરિયાતો માટે સુરક્ષિત અને એકીકૃત પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. માહિતી મેળવવા ઉપરાંત, ખેડૂતો એપનો ઉપયોગ કૃષિ ઓજારો ખરીદવા અને ગ્રાહકોને તેમના પાક અથવા ઉત્પાદનોનું સીધું વેચાણ કરવા માટે કરી શકે છે. વધુમાં, આ એપના માધ્યમથી ખેડૂતો તેમના પશુધનનું વેચાણ કરી શકે છે. ખેડૂતો પોતાની કૃષિ પેદાશો કોઈ પણ વચેટિયા વગર સીધી માર્કેટમાં વેંચી શકે તેવી સુવિધા પણ ઉપલબ્ધ છે.

આ ગતિશીલ પ્લેટફોર્મ સંપૂર્ણ પારદર્શિતા સાથે ખેતીને લગતા તમામ કાર્યોને સરળ બનાવવા માટે તૈયાર કરવામાં આવી છે. કિસાન ગેટવે એપ જુદી જુદી સુવિધાઓ, ઉત્પાદનો અને વિવિધ પ્રકારની સેવાઓ સવલતો, ઉત્પાદનો અને સેવાઓ ઓફર કરીને ખેડૂતોને કિસાન ગેટવે ખેડૂતોને સશક્ત બનાવે છે.

કિસાન ગેટવે એપ ખેડૂતોને ચોવીસેય કલાક વિશ્વાસપાત્ર, વ્યવહારુ અને સરળ ઉકેલ આપી શકે તે રીતે તૈયાર કરવામાં આવી છે. આ એપ્લિકેશનની મુખ્ય વિશેષતા એ છે કે તે કૃષિ ક્ષેત્રનાં લોકો સાથે સીધો સંપર્ક કરાવી શકે છે, જે ખેડૂતોને તેમના પશુધન, ઉત્પાદન, તમામ પ્રકારની મશીનરી અને અન્ય સર્વિસ પ્રોવાઈડર તથા સપ્લાયરો માટે સરળતા પ્રદાન કરે છે.

આ એપ ઉપર ખેડૂતને કૃષિ સપ્લાયર્સ, બિયારણ, અનાજ, ફળો અને શાકભાજીનું વેચાણ કરતા વેપારીઓ, ખાતર, નિષ્ણાત સહાય, સાધનસામગ્રી અને મશીનરી ડીલરો અથવા લણણી, બોરવેલ, માટી પરીક્ષણ, કૃષિ ઇનપુટ્સ અથવા મશીનરી જેવા સેવા પ્રોવાઈડરોમાંથી પસંદગી કરવાનો વિકલ્પ મળે છે. આ જ એપ ઉપર પંપ, મોટર, હાર્વેસ્ટર અને ટ્રેક્ટર, પશુધન સંવર્ધન અને પશુ ચિકિત્સકો વગેરે, સમાંતર કોઈપણ ઉત્પાદન/પશુધન/જમીન સીધા વેચાણ માટે મૂકી શકાય છે.

કિસાન ગેટવે એપના ફાઉન્ડર નરીન્દરસિંઘ પંચવટી એ જણાવ્યું હતું કે, નસ્રઅમારો ઉદ્દેશ્ય એગ્રીકલ્ચર સેક્ટર અને તેની સાથે સંકળાયેલા ઉદ્યોગોની વિવિધ જરૂરિયાતોને તેમની આંગળીઓના ટેરવે મેળવી શકે તેવું વ્યાવસાયિક, ભરોસાપાત્ર અને વ્યાપકપણે સ્વીકારવામાં આવેલું પ્લેટફોર્મ સ્થાપિત કરવાનો છે. આ એપ્લિકેશન કૃષિ, બાગાયત, ફ્લોરીકલ્ચર, કપાસ ઉદ્યોગ, માછલી ઉછેર, મધમાખી ઉછેર અને પશુપાલન સહિતના વિવિધ વ્યવસાયોને જોડીને કૃષિ સાથે સંકળાયેલા તમામને સેવા આપે છે. કિસાન ગેટવે પ્રોજેક્ટનું વિઝન કૃષિ ઉદ્યોગમાં હકારાત્મક પરિવર્તન લાવવા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનું છે.

# જામનગરમાં દેશી દારૂની પ્રવૃત્તિ ચલાવી રહેલી દારૂની ધંધાર્થી મહિલાઓ સામે પોલીસે દારૂબંધી ભંગ અંગે ગુનો નોંધ્યો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં જુદા જુદા વિસ્તારમાં દેશી દારૂની પ્રવૃત્તિ ચલાવી રહેલી દારૂની ધંધાર્થી ચાર મહિલાઓ સામે પોલીસે ગુનો નોંધ્યો છે.જામનગર શહેરમાં દેશી દારૂની પ્રવૃત્તિ ચલાવી રહેલી જમનાબેન અશોકભાઈ કોળી, ગંગાબેન કમલભાઈ કોળી, શોભાબેન મનોજભાઈ બાવરી, અને હંસાબેન કરસનભાઈ ચારેલા ના ઝુપડામાં પોલીસે દેશી દારૂ અંગે દરોડો પાડી દારૂ અને દારૂના કાચા ના જથ્થા નો નાશ કરાવવા આવ્યો છે, અને ચારેય મહિલાઓ સામે દારૂબંધી ભાંગ અંગે ગુન્હા નોંધવામાં આવ્યા છે.

# જામનગર તાલુકાના રાવલસર ગામમાં રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી

## કાર્યક્રમમાં ૧૮૧ જેટલા બાળકોને માર્ગદશેન આપવામાં આવ્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના રાવલસર ગામમાં સ્થિત ઉત્તર બુનિયાદી ચંદરીયા શાળા ખાતે રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસની ઉજવણી કરવામાંઆવી હતી. જામનગરના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયાના માગેદશેન હેઠળ રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસ અન્વયે અનેકવિધ પ્રકારના જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. કાર્યક્રમ અંતર્ગત શાળાના બાળકોને આલબેન્ડાઝોલ ગોળીનું વિતરણ કરવામાં આવ્યું હતું.ઉલ્લેખનીય છે કે, કૃમિના સંક્રમણથી બાળકોમાં કુપોષણ અને લોહીની ઉણપ થાય છે. જેના કારણે બાળક હંમેશા થાકનો અનુભવ કરતું હોય છે. તેમજ તેનો સંપુર્ણ શારીરિક, માનસિક અને સર્વાંગી વિકાસ થતો નથી. તેથી સમગ્ર જામનગર જિલ્લામાં જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા શાળા અને આંગણવાડીમાં જતા અને ન જતા તમામ ૧ થી ૧૯ વર્ષના વયજુથમાંસમાવિષ્ટ નાગરિકોને કૃમિ નાશક ગોળી ખવડાવીને તેમને સુરક્ષિત કરવામાં આવશે. કાર્યક્રમમાં એક્સપર્ટસ દ્વારા વિદ્યાર્થીઓને કૃમિથી બચવા અંગે માગેદશેન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૮૧ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આ રાઉન્ડમાં સમાવિષ્ટ ન થયેલા બાળકોને આગામી તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ નેક્સ્ટ રાઉન્ડમાં આવરી લેવામાં આવશે. ઉક્ત કાર્યક્રમમાં, જિલ્લા આરોગ્ય વિભાગમાંથી ડી.પી.સી. યજ્ઞેશ ખારેચા, ડી.આઈ.ઈ.સી.ઓ. નીરજ મોદી, મેડીકલ ઓફીસર ડો.માધવી પટેલ, સુપરવાઈઝર સરવૈયા, હિતેશ ચૌહાણ, શાળાના આચાર્યશ્રી મહેશ સરવૈયા, સંસ્થાના સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# જામજોધપુર તાલુકાના સીદસર ગામે જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ ૨.0નું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, વિજય બગડા**

રાજ્ય સરકારના માર્ગદર્શન તળે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જામનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત જિલ્લા કક્ષાનો કાર્યક્રમ જામજોધપુર તાલુકાના સીદસર ગામે યોજાયો હતો. જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ કાર્યક્રમમાં હડિયાણા તાલુકા શાળાના વિદ્યાર્થી સંજય વસુનિયાએ અન્ડર- ૧૧ માં ૫૦ મીટર દોડ કેટેગરીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. તેમજ, સંજય વસુનિયાએ અન્ડર- ૧૧ માં બ્રોડ જમ્પ કેટેગરીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

આ ઉપરાંત, વિદ્યાર્થી રવિ મહેડાએ અન્ડર- ૧૭ માં લાંબી કૂદમાં દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. આગામી સમયમાં વિજેતા બનેલા આ બંન્ને વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. આ વિદ્યાર્થીઓની સિદ્ધિ બદલ શ્રી હડિયાણા તાલુકા શાળા પરિવાર તેમજ સમગ્ર જોડિયા તાલુકા વહીવટી તંત્ર તરફથી તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

